# સામાજિક પરિવર્તનની જરૂરીયાત

આદરણીયા જ્ઞાતિજનો,

આજના ભૌતિક વાદ યુગમાં આપણા સમાજમાં ખુબ જ મોટા ખર્ચાઓ થઇ રહયા છે. આપણા પરિવારોના વિભાજન કારણે આપણી ખેતી હતી તે પણ ખૂબ જ નાની થઇ જવા પામી છે. જેના કારણે આપણી ખેતી વિષયક આવક પણ ઓછી થઇ ગઇ છે. હાલની આપણી જ્ઞાતિપ્રથા રીત રીવાજોમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આજના સમયમાં આપણી જ્ઞાતિ સમય સાથે કદમ નહી મીલાવે તો બહુ જ પાછળ રહી જાય તેમ છે. આ યુગમાં પાછળ રહેલાઓને લાચારી અને ગુલામી સીવાય કશું જ રહેલુ નથી. આવી સમજણથી ઘણી બધી જ્ઞાતિઓ સામાજીક અને આર્થિક સુધારા મારફત ઉન્નતિની દીશામાં પગલાઓ માંડી રહી છે. આપણા પરિવારોમાં આજે જે કઇ સાધન સગવડ કે પૈસે ટકે સુખી સંપન્ન છીએ એમા આપણા પૂર્વજોની ચાર-ચાર પેઢીઓની અથાક મહેનત લગન પરીશ્રમ સામાજીક રીત-રીવાજો અને સમાજ વ્યવસ્થાના પરિણામે છીએ.

કોઇપણ સમાજ કે જેણે સતત પ્રગતિ કરવી હોય એ પ્રગતિ ક્રાંતિ વિના થતી નથી. આ ક્રાંતિ એટલે વ્યર્થ ખોટા રીત-રીવાજોમાં ફેરફાર હવે સમય આવ્યો છે. કે આપણી જ્ઞાતિએ ખોટા ખર્ચના વિષચક્ર માંથી બહાર આવવું જોઇએ લગ્ન પ્રસંગો પણ એવા થઇ ગયા છે કે એના હાર્દરૂપ વર-કન્યાનું તો કોઇ મહત્વ નથી અને માત્ર ઝાકમઝોળ અને દેખાડાના પ્રવાહમાં આખો પ્રસંગ તળાઇ જાય છે. વળી એવા પરિવારો પણ આ પ્રવાહમાં તણાતા જાય છે કે જેમની ક્ષમતા ઓછી છે અથવા નથી. દીકરી વળાવેલો બાપ દેવાના ડુંગરમાં ડુબી ગયો હોય છે. આ બાબત પર ખુબ જ ગંભીર વિચારણા જરૂરી છે. એક જમાનામાં આપણા પૂર્વજો કરકસરના હિમાયતી હતા, આપણા એ મહાન વંદનીય પૂર્વજોની મહેનત તો જ લેખે લાગે જો. આપણી જીવનશૈલી અને સામાજીક રીતરીવાજોમાં પરિવર્તન આવે. આપણા પૂર્વજો ઉમિયા માતાજીના આરાધકો હતા તે જમાનામાં આપણી જ્ઞાતિમાં દર બાર વર્ષે એક જ વખત લગ્ન થતા. તે સમયમાં સમાજને ખર્ચ અને સમય બચાવવાનો આશય હતો. આપણે પણ આપણા પૂર્વજોની પરંપરાને અનુસરી આપણા બાવન ગામ વિસ્તામા પરિવર્તન લાવી આપણે સાથે મળી નવી સમાજ પ્રણાલી ઉભી કરી આપ સૌ જ્ઞાતિજનોને નિવેદન છે કે ઉપરોકત સામાજીક પરિવર્તન માટે આપણા સમાજના આગેવાનો, યુવાનો સમાજના સર્વે લોકોએ સાથે મળી એક સામાજીક રીત-રીવાજોમાં પરિવર્તન લાવવા સહિયારો પુરૂષાર્થ કરીએ...

## પ્રેરણાસ્ત્રોત

**શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ - સિદસર**
**શ્રી ઉમિયાધામ - લીલીયા મોટા**
**શ્રી અમરેલી જીલ્લા ઉમિયા પરિવાર સમિતી**

ઠરાવ નં.: 1

# જન્મ દિવસ

- જન્મ દિવસની ઉજવણીમાં કેક કાપવી નહી.
- ફક્ત ઘરના કે પરિવારના સભ્યો દ્વારા જ સાદાઇથી ઉજવણી કરવી.
- ઘેર જ આયોજન કરવું પાર્ટી પ્લોટ કે સમાજમાં નહી.
- જન્મ દિવસની ઉજવણીના દિવસે અંધશાળા અથવા ગરીબ પરિવારોને ભોજન કે નાસ્તો અથવા ગમે તે વસ્તુઓ દાનમાં આપી ઉજવણી કરવી.
- જન્મ દિવસે ઓછામાં ઓછુ એક વૃક્ષ યોગ્ય જગ્યાએ વાવી તેનો ઉછેર કરી માવજત કરવી.
- જન્મ દિને નાણાકિય લેતી દેતી કે ભેટ સોગાદ આપવી લેવી નહી.
- જન્મ દિને બહાર હોટેલમાં જમવા જવાને બદલે ઈચ્છિત જમણવાર સાત્વિક અને પોસ્ટીક ઘેર જ બનાવી પરિવારે સમુહમાં જમવું.
- માતા-પિતાએ જ જેનો જન્મ દિવસ હોય તેના શિક્ષણમાં ઉપયોગી વસ્તુઓ ભેટમાં આપવી બિનજરૂરી વસ્તુઓ ખરીદવી નહી.
- બાળકને ઉંમર પ્રમાણે નાના-મોટા રમકડા બુદ્ધિ શકિતમાં વધારો થાય તેવા લઈ આપવા.
- સંતાનોના દર વર્ષે જન્મ દિનની ઉજવણી કરવી નહી.
- બાળકના છઠ્ઠીના દિવસે પરિવારે સાથે મળી ઘર મેળે ઉજવણી કરવી.
- નાની ઉંમરના બાળકોને ગીફ્ટમાં મોબાઈલ આપવો નહી તથા વાપરવા માટે પણ ધ્યાન આપવું.
- કુળદેવી માતાજીના દર્શન કરવા.
- દર વર્ષે જન્મદિને બીજા ખર્ચ બચાવીને નાંણાકિય બચત કરવી.
- કોઈપણને ઘેર હોમ/હવન/રાંદલના લોટા વિ.નો કાર્યક્રમ ટૂંકમાં પરિવાર પૂરતો જ કરવો.
- એનીવર્સરીનો કાર્યક્રમ કરવો નહી.



**ઠરાવ નં.: 2**

## હરખ લૂગડા / જળ જલાવવા

- ફક્ત પરિવારના સભ્યોએ જ જવું.
- વધારમાં વધારે ૧૦ વ્યકિતએ જ જવું.
- ચા-નાસ્તો જ કરાવવો, જમણવારનું આયોજન કરવું નહી.
- જેમની દિકરીને જળ જલાવવા આવવાના હોય તેમણે પણ પોતાના પરિવારના સભ્યોને જ આમંત્રણ આપવું.
- હરખ લુગડામાં યથાશકિત પ્રમાણે જોડી કપડા જ લેવા તથા કટલેરી જેવી જરૂરી મર્યાદિત વસ્તુઓ જ લેવી.
- સોનું યથાશકિત પ્રમાણે ગ્રામ સુધી જ લેવું.
- બ્યુટીપાર્લરનો બિનજરૂરી ખર્ચ કરવો નહી, કન્યા સિવાય સગા સંબંધી કે પરિવારના અન્ય સભ્યોએ બ્યુટીપાર્લરનો ખર્ચ કરવો નહી.
- ચુક-છડા જ આપવા.

**ઠરાવ નં.: 3**

## સગાઈ

- સમાજમાં દિકરા-દિકરીની અસમાનતાને કારણે દિકરીઓની ઘટ હોવાથી ગંભીર સ્થિતિ ઉભી થઇ છે તે વિજ્ઞાનનો ઉપયોગ કરવો નહી, કુદરતી નિયમાનુસારનું પાલન કરવું.
- દિકરા-દિકરીની સગાઈમાં ખૂબ જ મોટી ઉમરો પણ થઇ જાય છે જો પોતાના સમાવડો સગો મળે એટલે સગાઇ કરી નાખવી.
- પોતાના કરતા ધનવાન સગાની લ્હાઈમાં ભવિષ્યમાં ઘણાં પ્રશ્નો ઉભા થાય છે, તો સમયસર ઉંમરે સગાઇ ગોઠવી દેવી.
- દિકરીના મા-બાપ સગાઇ જોવામાં બે-ચાર વર્ષનો સમય કાઢી નાખે છે, સારૂ-સારૂ ગોતવામાં નિર્ણય લઇ શકતા નથી તો કયારેક પસ્તાવવાનો વારો પણ આવે છે, તો આ અંગે જાગૃતતા કેળવવી.
- દિકરા-દિકરીની સગાઇના શિક્ષણ/ધંધો/ઉચ્ચ અભ્યાસ/નોકરી વિ. સમકક્ષ પાત્રને પસંદ કરી જમીન / મકાન /મિલ્કત ને વધુ લક્ષ્ય આપવું નહી.
- સંસ્કારી કુટુંબને પ્રાધાન્ય આપવું.
- જયાં સગાઈ જોવા જવાની હોય ત્યાંની સંપૂર્ણ હકીકત, શિક્ષણ, મિલ્કત, બિઝનેસ, પરિવાર વિ. ને જાણીને પછી જ જોવા જવું જેથી જોવા ગયા પછી ના પાડવાના ઉપર મુજબના કારણોને કારણે ના પાડવી ન પડે.
- જયાં જોવા જવાનું હોય તે ઘર વિષે આખા કુટુંબે સંપૂર્ણ માહિતી જાણી- સમજી - વિચારી પછી જ જવું જેથી દિકરા દિકરીની ઇચ્છા હોય તો ના પાડવાનો પ્રશ્ન જ ઉભો ન થાય.

સામાજિક પરિવર્તન
# બંધારણ

**ઠરાવ નં.: 4**

## પ્રિ-વેડિંગ

- આજના સમયમાં પ્રી-વેડિંગને આપણા સમાજના ચુવાનો વધુ મહત્વ આપે છે અને દીકરીને લઇ બહારના સ્થળોએ જેવા કે હિલ સ્ટેશનો, હોટલો, પ્લેનની મોંઘી મોંઘી ટીકીટો અને વિડોયો શુટિંગની મોટી ટીમોના ખર્ચ કરે છે. જયારે આ પ્રિ-વેડીગ વિડીયો રીશેપ્શનમાં સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવે છે ત્યારે આપણા વડિલો નારાજગી અનુભવે છે. આ અંગે આપણા સમાજે ખુબ જ ગંભીરતા પૂર્વક જાગૃતિ લાવવી જરૂરી છે.
- આવા ખોટા ખર્ચમાંથી આપણા સમાજનો સામાન્ય માણસ દેણાંમાંથી બહાર આવતા વર્ષો થઇ જાય છે.

**ઠરાવ નં.: 5**

## ચુંદડી

- ચુંદડીનો પ્રસંગ દિકરાવાળાનો ઘરે ગોઠવવો જેથી કંકુ પગલા અને ઢગની મહેમાનગતી થઇ જાય દિકરીવાળાને એક ખર્ચ ઘટી જાય.
- ચુંદડીમાં પરિવારના સભ્યો તથા બહેન-દિકરીઓ એ જ જવું.
- બહેનો, દિકરીઓ, ફઇ સહિત મર્યાદિત સંખ્યામાં ભોજનનું આયોજન કરવું.
- કપડા યથાશકિત પ્રમાણે જોડી જ લેવા, જરૂરી કટલેરી લેવી, સોનું યથાશકિત પ્રમાણે ગ્રામ જ લેવું.
- દિકરી પુરતો જ જરૂર લાગે તો બ્યુટીપાર્લરનો ઉપયોગ કરવો, અન્ય સભ્યો સગાએ નહી.
- ભપકો બતાવવાને બદલે સાદાઇથી કાર્યક્રમ કરવો.
- દિકરીની ચુંદડી આવતી હોય તો પોતાના પરિવાર પુરતો જ કાર્યક્રમ ગોઠવવો.
- બીનજરૂરી ખર્ચા કરવા નહી.
- કેક કાપવાની, સ્ટેજ બનાવવાનું કે અવનવી રોશની ડેકોરેશન વિ. કરવું નહી.
- ગીફ્ટ પ્રથા બંધ કરવી.
- શકય બને તો લગ્નમાં જ ચુંદડીનું આયોજન કરવુ જેથી સ્પેશયલ ચુંદડીમાં જવા, આવવા, જમણવાર વિગેરેનો ખર્ચ કરવો ન પડે..

સામાજિક
પરિવર્તન
# બંધારણ

## ઠરાવ નં.: 6

## લગ્ન

- ઘોડીનો અથવા કારનો ઉપયોગ કરવો.
- સાદાઇથી વરઘોડો કાઢવો.
- મંડપ સમીયાણા, સ્ટેજ સાદાઇથી કરવા.
- વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી જરૂર પુરતો જ કરવો, મર્યાદામાં રહી શુટીંગ ઉતારવું તથા ફોટોગ્રાફી કરવી.
- શકય બને તો દિકરા-દિકરી ના લગ્ન પ્રસંગ બંને વવોઇએ સાથે મળી એક જ જગ્યાએ, એક જ દિવસમાં ગોઠવવા જેથી સમય-ખર્ચ બચી શકે (મંડપ - ભોજન - રીસેપ્શન)
- પ્રસંગમાં ખર્ચ બચાવીને દિકરીના નામે નાંણાકીય બચત કરવી.
- લગ્નમાં ભોજન અગાઉની પરંપરા પ્રમાણે જ કરવુ વધુ દેખાડો કરવો નહી.
- દિકરા દિકરીના લગ્ન પ્રસંગે આવેલ મહેમાનો બેન, ભાણેજ સહિત તમામ મહેમાનોને લેતીદેતીનો વ્યવહાર કરવો નહી.
- જાનમાં વધારેમાં વધારે ૧૦૦ વ્યકિતએ જ જવું.
- જાનમાં ફટાકડા ફોડવા નહી.
- જાનમાં ડી.જે. વગાડવું નહી, અવાજનું પ્રદુષણ ખૂબ જ થાય છે.
- જાનમાં બેન્ડ શકય હોય તો ગૌશાળાના તથા ઢોલ-શરણાઇ વગાડવી.
- બેન્ડ, ઢોલ ઉપર પૈસા ફેંકવા નહી, આવુ અગાઉથી નકકી કરી તે પ્રમાણે પૈસા આપી દેવા.
- બહેનોએ વરઘોડામાં જાહેર માર્ગમાં નાચવુ, નૃત્ય કરવુ નહી.
- વરઘોડામાં પાડોશના લોકોને અગવડ પડે તેવુ કરવુ નહી.
- વરઘોડામાં રંગબેરંગી કાગળના ટુકડા ઉડાડવા નહી.
- રસ્તામાં કોઇના ઘર આગળ કચરો થાય તો ઝઘડાઓ પણ થાય જેથી સફાઇની વ્યવસ્થા કરવી.
- લગ્નમાં બ્યુટી પાર્લરનો કન્યા એજ ઉપયોગ કરવો ઘરના અન્ય સભ્યો કે સંબંધીઓએ નહી.
- મામેરા ભરવાની પ્રથા જાહેરમાં બંધ કરવી.
- કંકોત્રી વોટસએપમાં જ મોકલવી પછી ફોન કરી દેવો કંકોત્રી છપાવવી જ નહી.
- ગામમાં નોતરા માટે વિગતવાર કાર્ડ છપાવીને આપી દેવુ જેથી દરેક કાર્યક્રમના આમંત્રણ આપવા જવુ ન પડે.
- ચાંદલા પ્રથા રદ કરવી હવે ના સમયમાં ફકત ચાંદલાથી જ લગ્નમાં મદદરૂપ થઇ શકાય તેવુ નથી.
- દિકરીઓને વાસણના વ્યવહારની પ્રથા અનુકુળતા પ્રમાણે ફકત નજીકના પરિવારે જ વ્યવહાર કરવો.
- માંડવાના આગલા દિવસે રાત્રે ચા-પાણીનો, ડાયરો કરવો. નાસ્તો નહી.
- લગ્નમાં ભપકાદાર, સમાજને દેખાડવા માટે વધારે ખર્ચ ન કરવો, દેખા-દેખી હરીફાઇ કરવી નહી.
- દિકરીની વિદાઇ પ્રસંગ સુધી કુટુંબના તમામ પરિવારના સભ્યોએ ફરજીયાત હાજર રહેવું.
- જાનમાં યથાશકિત પ્રમાણે જોડી કપડા, યથાશકિત પ્રમાણે ગ્રામ સોનુ આપવુ ઘેર આવ્યા પછી ગમે તેટલુ આપી શકાય.
- બહેનોએ વરઘોડામાં સાફા બાંધવા નહી.
- લગ્નમાં બેન્ડ પાર્ટીના સ્ટાફને જમવા, આવવા-જવા સાથેના ભાડાથી જ કરાર કરવો.
- કુટુંબના પરિવારના જેટલા લગ્ન હોય તે સમુહમાં આયોજન કરવું.

**ઠરાવ નં.: 7**

## સમૂહ લગ્ન

- સમુહ લગ્નમાં જોડાવાનો આગ્રહ રાખો.
- સમુહ લગ્નમાં નજીકના સગા બહેન, દિકરીઓ, પરિવારના સભ્યો જ જાનમાં જાઓ.
- સમુહલગ્નમાં જેટલા માણસોને જાનમાં જવાની છુટ હોય તેટલી વ્યકિત એજ જવું.
- સમુહલગ્નમાં જોડાય તેમણે માંડવો ઘેર નાખવો, પરિવાર પુરતો, ચા-પાણી ડાયરો કરવો.
- જરૂરિયાત પુરતા મહેમાનોને તેડાવ્યા હોય તેના પુરતુ જ તથા પરિવાર પુરતુ જ જમણવારનું આયોજન કરવું.
- વરવિવાહનો જમણવારનો ખર્ચ ન કરવો.
- સમુહલગ્નમાં તમને યોગ્ય લાગે તે રકમની ભેટ લખાવવી.
- પ્રાઈવેટ કંકોત્રી છપાવવી નહી.
- સમુહલગ્નની કંકોત્રી વોટસએપમામં મોકલવી.
- મંડપ મધ્યે સોનુ યથાશકિત પ્રમાણે આપવું.
- કપડા જરૂર પુરતા યથાશકિત પ્રમાણે જ લેવા.
- સમુહલગ્નમાં આયોજકોના આયોજનમાં સહકાર આપી દરેક ગામમાંથી વિશેષ પ્રમાણે સમૂહ લગ્નમાં જોડાય તેવા પ્રયત્નો કરવા.
- સાદાઈથી પ્રસંગ કરવો.
- લગ્નના આગલા દિવસે રાત્રે કુલેકુ કાઢવું નહી.

- સમાજના પરિવારોમાં પરસ્પર પારીવારીક ભાવનાઓ કેળવવી અને દુઃખના સમયે સહાનુભુતીરૂપ થવું.
- દિકરા-દિકરીઓમાં સંસ્કારોનું સિંચન કરવું.
- દોરા-ધાગા, તંત્ર-મંત્ર, મેલીવિદ્યા તેમજ આવી અંધશ્રદ્ધાઓથી દુર રહેવું.
- આપણા દિકરા-દિકરીઓના કેળવણી તેમજ તેમના ઉજવળ ભવિષ્ય માટે સતત પ્રયત્નશીલ રહેવું.
- દિકરા-દિકરીઓના લગ્ન પછી આપણા કુળદેવીશ્રી ઉમિયા માતાજીના દર્શને જવું.
  આવક કરતા વધારે ખર્ચ કરવો નહી તેમ છતા નાંણાકીય જરૂરીયાત ઉભી થાય તો સગા-સંબધીઓ પાસેથી અથવા બેંકમાંથી લોન લેવી. પરંતુ ક્યારેય પણ ઉંચા વ્યાજની રકમ ન લેવી.
- વ્યસનોથી દુર રહેવું. જુગાર જેવી આદતો ના પાડવી.
- આપણાં સંતાનોમાં રાષ્ટ્રિય ભાવનાઓનું સિંચન કરવું.
- આપણા સંતાનોને પર્યાવરણ અંગે જાગૃતતા કેળવવી.

ઠરાવ નં.: 8

## સીમંતનો પ્રસંગ

- દિકરીપક્ષ તરફથી પરિવારના ૧૦ મહિલા સભ્યો એ જ જવુ, પુરૂષોએ જવુ નહી.
- દિકરા પક્ષવાળાએ પરિવારના સભ્યો વચ્ચે જ પ્રસંગ કરવા.
- કંકોત્રી-કાર્ડ છપાવવા નહી.
- વોટસએપમાં જ આમંત્રણ આપવું.
- ફોટોગ્રાફી અને વિડીયો શુટીંગ જરૂરીયાત મુજબ કરવું

ઠરાવ નં.: 9

## લાડવા લઈને જવાનો પ્રસંગ

- પરિવાર પુરતો જ મહિલા કાર્યક્રમ કરવો.
- ૫ વ્યકિતઓ એ જ જવું.
- જરૂરી કપડા જ લેવા.
- જરૂરી ઓમકાર કે કડલી વિગેરે જ લેવું.
- જરૂરી પુરતા જ માણસો સામા પક્ષે બોલવવા.
- મોટો પ્રસંગ જમણવાર કરવા નહી.

ઠરાવ નં.: 10

## લગ્ન વિચ્છેદ (છુટાછેડા)

- સમય અને સંજોગ પ્રમાણે વિચ્છેદ કરવાના થાય તેમાં મોટી રકમની માંગણી કરવામાં આવે છે જે યોગ્ય નથી, લેતી દેતી બંધ કરવી, સમાજના આગેવાનો પરિવારના સભ્યો સાથે મળી સમાધાનકારી વલણ અપનાવી બન્ને પક્ષની રાજી-ખુશીથી સમાધાન કરવું.
- વિચ્છેદ ફરજીયાત કરવાની થાય અને દીકરીને સંતાનો હોય અને સંતાનો તેમની માતા સાથે જ જવા માંગતા હોય તો બન્ને પરિવારના વડીલો તેમજ સમાજના આગેવાનોને સાથે રાખીને દિકરાના બાપની આર્થિક સધરતા ધ્યાને લઈ સંતાનોના સારા ભવિષ્ય માટે એફ.ડી. મુકી દેવી.

સામાજિક પરિવર્તન બંધારણ

**ઠરાવ નં.: 11**

## મરણનો પ્રસંગ

- બને ત્યાં સુધી ટુકા સમયગાળામાં પાણીઢોળ કરવું.
- ૩ થી ૪ દિવસમાં જ ખરખરે જવાનું પછી ફોન કરી ખરખરો કરી લેવો.
- ૩ દિવસે સુવાળુ ઘેર ઉતારવું.
- સુવાળામાં જમણવાર પ્રથા બંધ કરવી.
- ખરખરો, બેસણું, ટેલીફોનિક કરવું, માન્ય ગણવુ, જાહેરાત કરી દેવી.
- જયાં મરણ થયુ હોય ત્યાં નજીકના સગાએજ જવું, કુટુંબના સભ્યોને સાથે લઇ જવાની જરૂર નથી.
- મોટી ઉંમરના મરણમાં ખરખરામાં જેના સગા હોય તેમણે જ જવું તેમના ભાઇઓને જવાને બદલે ટેલીફોનિક ખરખરો કરી લેવો.
- લૌકિક ક્રિયા બંધ રાખવી.
- મરણ પાછળ પ્રેત ભોજન કરવુ નહી, કરાવવું નહી.
- પાણીઢોળની ક્રિયા શાસ્ત્રોકત વિધી પ્રમાણે પરિવાર પુરતી જ રાખવી.
- મરણ પાછળ બટુકભોજન/પ્રા.શાળામાં ભોજન/મંદિરો કે ધાર્મિક સંસ્થાઓમાં ભોજન કરાવી શકાય.
- શંકરના મંદિરે દિવો મુકવા બે-ચાર વ્યકિતએ જઇને મુકી આવે મોટા સમુહમાં જવાની જરૂર નથી.
- દશાના દિવસે રાત્રે સત્સંગ કાર્યક્રમ કરવો હોય તો કરી શકાય/મરણને અનુરૂપ ભજનો પ્રવચનો વિ. રાખી શકાય.
- જયાં મરણ થયેલ હોય ત્યાં જ ખરખરે જવું, સગાના સગા થતા હોય તો ટેલીફોનીક ખરખરો કરી લેવો.
- જયાં મરણ થયેલ હોય ત્યાં બૈરાઓ આખો દિવસ લાજ કાઢીને જ બેસે એના કરતા મર્યાદા પ્રમાણે લાજ જાળવવી.
- જયાં મરણ થયેલ હોય ત્યાં કુટુંબના સભ્યોએ પાણીઢોળ સુધી બેસવા જવું.
- ઋષિપંચમી ઘર મેળે જ કરવી.
- શ્રાદ્ધ પરિવાર પુરતો જ ભોજન કાર્યક્રમ ગોઠવવો.
- ખરખરે ગમે તે દિવસે જઇ શકાય.